BAOU Education for All
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ટકાઉ વિકાસ અજરખ કાપડનાં કારખાનામાં કામ કરતા કામદારોના સંદર્ભે

**ડૉ.કરણસિંહ મહેન્દ્રસિંહ પરમાર**

**આસિસ્ટન્ટ પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ,**

**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ**

## સારાંશ

ટકાઉ વિકાસ શબ્દનો ઉલ્લેખ 1987માં થયો હતો. ટકાઉ વિકાસ એટલે નિરંતર થતો વિકાસ. વિકાસ થાય છતાં કુદરતી સંસાધનોનો નાશ ન થાય પણ વૃદ્ધિ થાય તે ટકાઉ વિકાસ. ટકાઉ વિકાસ એક વિકાસ મોડેલ છે. જે ભવિષ્યની પેઢીઓ અને વર્તમાનની પેઢીઓ એ બંનેની જરૂરીયાતોને સંતોષે. હાલના સમયમાં કુદરતી સંસાધનોની ઉણપ જોવા મળે છે. પર્યાવરણ જોખમાઈ રહ્યું છે. ઔધોગીકરણ પોતાની દોટ મૂકી રહ્યું છે. અનેકાનેક માણસોની જરૂરિયાતો પૂર્ણ કરવા વિવિધ ઉદ્યોગો વિકસી રહ્યાં છે. માનવી વધુને વધુ ઉપભોગતાવાદી બની રહ્યો છે, એની સામે જરૂરિયાતથી વધુ વસ્તુ મૂકી દેવામાં આવી છે.

આ અસમંજસ ભર્યા સમયમાં અજરખ કાપડના કારખાનામાં કામ કરતા કામદારો તે જરૂરીયાત પૂરતું જ ઉત્પાદન કરી રહ્યાં છે. તેમજ તેમનું દરેક કાર્ય તે કુદરતી રીતે સંકળાયેલ વસ્તુ સાથે છે. તે કાપડ પર પ્રિન્ટ કરવાનું કાર્ય છે. જેમાં કુદરતી રંગોનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. તેમજ છાપવા માટે પોર બ્લોક જે લાકડામાંથી બનેલા હોય છે તેનો ઉપયોગ કરવામાં આવે છે. કારખાનાઓમાં કોઈપણ જાતના રંગનો ઉપયોગ કરવામાં આવતો નથી ને જો કરે છે તો તેની ગુણવતામાં તફાવત જોવા મળે. આ કાર્યમાં લોકોનું તેમજ પર્યાવરણનું હિત કેન્દ્ર સ્થાન ધરાવે છે. આવા કારખાનાઓ કચ્છ જીલ્લાના ત્રણ ગામોમાં આવેલા છે જેમાં અજરખપુર,ખાવડા

અને ધમડકાનો સમાવેશ થાય છે. વિવિધ યંત્રણાથી ચાલતા ઉદ્યોગો કરતા નોખા પડતા આ ઉદ્યોગો એ ખરેખર ટકાઉ વિકાસના સંદર્ભને ધ્યાનમાં રાખીને કાર્યરત છે.

**ચાવીરૂપ શબ્દો: અજરખ, કામદાર, ટકાઉ વિકાસ.**

**પ્રસ્તાવના**

ભારત દેશમાં કાપડના નિકાસ માટે ગુજરાત પ્રદેશ હંમેશાં પ્રથમ હરોળમાં રહ્યો છે. આજે પણ જ્યાં કાપડની મિલોનું પ્રમાણ જ્યાં વધુ છે. તેના કારણે તેના કાપડ ઉદ્યોગમાં વૈવિધ્યસભરતા રહેલી છે. પરંતુ આવા કાપડના મિલોનું પ્રમાણ વધતું જાય છે. ત્યારે પર્યાવરણની સમતુલા ખોરવાય છે ને કાપડ ઉદ્યોગમાં રાસાયણિક રંગો, યંત્રો ને મિલો માટે રોકાતી જમીનોના કારણે પર્યાવરણનું જતન થતું નથી પરંતુ તેને નુકસાન થાય છે, ચોકકસપણ તેને વિકાસ કહી શકીએ પણ આર્થિક તેનો સમાવેશ ટકાઉ વિકાસમાં ના કરી શકીએ.

પ્રવર્તમાનમાં વિકાસને લગતા ઉદ્યોગોનું પ્રમાણ વધુ છે જ્યારે એની સામે ટકાઉ વિકાસને અનાયાસે લક્ષ્યમાં રહીને થતા ઉદ્યોગોનું પ્રમાણ ઓછું છે. ગુજરાતમાં સુરત, અમદાવાદ, ગાંધીધામ આ શહેરોમાં ઉદ્યોગીકરણની પ્રક્રિયા ખુબ વેગ પૂર્વક ચાલી રહી છે. તો અજરખ કાપડના કામદારોના કારખાનાઓ પણ પોતાના કાર્ય દ્વારા લોકોની જરૂરિયાતો તેમજ આર્થિક ઉપાર્જન મેળવીને પર્યાવરણને નુકસાન ના પહોંચે તે રીતે પોતાના ઉદ્યોગોમાં કાર્ય કરી રહી છે. જેમાં છપાઈ માટે કુદરતી રંગો તેમજ લાકડાના સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. બલકે પર્યાવરણનું જતન કરીને કારખાનાઓમાં કામ કરવામાં આવે છે. કુદરતી રંગો, હાથ વણાટ તેમજ નાના સાધનો દ્વારા આ હસ્તકળા દેશ વિદેશમાં ખ્યાતનામ થઇ છે. જેને અવશ્યપણે ટકાઉ વિકાસના સંદર્ભે તપાસી શકીએ.

- **અભ્યાસના હેતુઓ**

અજરખ કાપડના કારખાનામાં કામ કરતા કામદારોના અભ્યાસ કરવાના મુખ્ય હેતુઓમાં તેમની સામાજિક, આર્થિક, ભૌતિક, કાર્ય સુરક્ષા ને સમસ્યાઓ વિષે જાણવાનો છે. તેમાં કારખાનાઓમાં તેમની સુવિધાઓ અજરખ કાપડના તેમના રંગકામ માટે ઉપયોગી થતા રંગો શામાંથી બને છે. તેમજ કારખાનાઓના વેસ્ટેજનો કઈ રીતે નિકાલ કરવામાં આવે છે. તે ઉદેશ્યથી આ અભ્યાસ

કરવામાં આવી રહ્યો છે. જેમાં અજરખ કાપડમાં ઉપયોગી થતા રંગો તેનું વ્યવસ્થાપન તેમજ કામદારોના કાર્યનું ટકાઉ વિકાસ સાથેનું જોડાણ પ્રસ્તુત લેખમાં આલેખવામાં આવેલું છે.

➢ **અભ્યાસ પદ્ધતિ**

વિષયના આ અભ્યાસ માટે ક્ષેત્રકાર્ય પદ્ધતિનો તેમજ પ્રયુક્તિ મુલાકાત અનુસૂચિનું પ્રયોજન કરવામાં આવ્યું છે. ક્ષેત્રકાર્ય પદ્ધતિ દ્વારા જે જોયું જાણ્યું છે તેને અનુરૂપ જો રજૂઆત કરીએ તો ત્યાના કારખાનાઓમાં 12 થી 15 કામદારો કાર્ય કરતા હોય છે જેમાં કામદારો એકબીજા સાથે સંકળાયેલ છે. આવા અજરખ કાપડના કારખાના તેમજ કામદારોની સંખ્યા નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ગામ** | **અજરખ કાપડમાં ની સંખ્યા** | | **કામદારોની સંખ્યા** | |
|---|---|---|---|---|---|---|
| | | | **કુલ** | **નમુનો** | **કુલ** | **નમુનો** |
| 1 | ભૂજ | ખાવડા | 3 | 1 | 12 | 4 |
| 2 | ભૂજ | અજરખપૂર | 90 | 27 | 500 | 150 |
| 3 | અંજાર | ધમડકા | 70 | 21 | 300 | 90 |
| | | | **163** | **49** | **812** | **244** |

પ્રસ્તુત સંશોધન કચ્છ જીલ્લાના બે તાલુકાઓમાં અજરખ હસ્તકલા કાપડઉદ્યોગ સાથે સંકળાયેલા ત્રણ ગામો જેવાકે ખાવડા, અજરખપૂર અને ધમડકા ગામનો સમાવેશ કરવામાં આવશે. મુલાકાત દરમ્યાન અજરખ કાપડમાં માલિકો સાથે થયેલ વાતચીત દરમ્યાન મળેલ માહિતી મુજબ કુલ 163 અજરખ કાપડમાં ઓ અને 812 કામદારો સંકળાયેલા છે. નમુના પસંદગી માટે બિનયદચ્છ નિદર્શનની હેતુલક્ષી નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે. જેમાં 30% નમુના પસંદગીને ધ્યાને લેતા 49 અજરખ કાપડમાં ઓ માંથી 244 કામદારોની પસંદગી કરવામાં આવેલ છે.

➢ **માહિતીનું વિશ્લેષણ – ટકાઉ વિકાસના સંદર્ભે**

ભારત દેશના અર્થકારણમાં તેમાં પણ ખાસ કરીને ગ્રામ અર્થકારણમાં ગૃહ ઉદ્યોગનું ઘણું જ મહત્વ રહેલું છે. દેશકાળ પ્રમાણે હજાર બે હજાર વર્ષ પહેલા બીજા દેશોના પ્રમાણમાં આપણા ગ્રામોદ્યોગ આગળ પડતા ગણાતા એમ કહી શકાય કે દુનિયામાં ઔદ્યોગિક ક્રાંતિ થઇ પણ ભારતના ગ્રામોદ્યોગ એની એ જ હાલતમાં રહ્યાં છે. નવી ટેકનોલોજી ને ઔદ્યોગિકરણની પ્રક્રિયાએ દેશ વિદેશમાં વિકાસ કર્યો છે. પણ તેના કારણે કુદરતી સંસાધનોનો મોટા પાયે હ્રાસ થયો છે. તેમજ હવા, જળ તેમજ ભૂમિની સમસ્યાઓનું પ્રમાણ વધી રહ્યું છે. શું આને આપણે વિકાસ કહી શકીએ? જે ભાવી પેઢીને કશું જ આપવાનું નથી.

સામે પક્ષે દેશ દુનિયામાં વિકસિત થવું તેમજ હરીફાઈમાં ઉતરવું એ પણ એટલું જ અનિવાર્ય છે. જો વિકાસીતની વ્યાખ્યા વિશ્વ કક્ષાએ ઉત્પાદનમાં બે ઉપભોગ જ હોય તો તે આર્થિક રીતે સદ્ધરતા હોય પણ તે ભાવિ પેઢીને જોખમ ઉભું કરે છે ને કુદરતી સંસાધનોને નુકસાન કરે છે.

વર્તમાન ઉદ્યોગોમાં સૌથી વધુ ઉપયોગ રાસાયણિક દ્રવ્યોનો થાય છે. તેના કારણે પ્રદેશોમાં આરોગ્યને લગતી સમસ્યાઓ પણ વધી રહી છે. તો સામે પક્ષે અજરખ કાપડ જેવા ગૃહ ઉદ્યોગો વિશ્વ કક્ષાએ ટકાઉ વિકાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યાં છે.

અજરખ પ્રિન્ટ તેના આગવાપણાથી લોકપ્રિય બની રહી છે કુદરતી રંગો વડે રંગછટા, ચમક સુસંગતતા અને અન્ય ગુણો વડે શ્રેષ્ઠ છે. હરડે કોટનને રેશમના તાંતણાને મજબૂત બનાવે છે. ઈન્ડિગો તેના ઓષધકીય ગુણથી ચામડીને રોગમુક્ત રાખે છે ને ગરમીમાં ઠંડક આપે છે. અજરખ કાપડમાં એક જાતની કુમાશ હોય છે અજરખ કાપડની પરખ ને કદર વધતાં તે માત્ર સ્થાનિક પ્રદેશ પૂરતી સીમિત ન રેહતા દેશ પરદેશમાં જગવિખ્યાત બની છે.

અરબી અને પર્શિયન ભાષામાં અજરખનો અર્થ બ્લુ થાય છે. એની પરિપાટી એકવાર ઘડાઈ એને જરા પણ પાછી પાડ્યા વિના ખીલતી જ રહે છે. તેની ડીઝાઈનમાં અનેક પરિમાણોની અસર છે કોમ્બિનેશનમાં ગૂઢતા છે. જેમાં સૂફીવાદની અસર પણ છે એવી માન્યતા છે કે પ્રાચીનકાળમાં સિંધુ નદીને કિનારે અજરખ પ્રિન્ટની શરૂઆત થઇ હતી. કુદરતી વનસ્પતિ અને ખનીજમાંથી મળતાં મજીઠ, હરડે, ધાવડી ફૂલ, પડવાસ, ગેરૂ, હિરાકારત, લોખંડનો કાટ, આંબલી, કચિકા, હળદર, ફટકડી વગેરેનો ઉપયોગ થાય છે. જો કે કાપડ બનાવવાની પ્રક્રિયા અતિ લંબાણવાળી ને કઠીન છે . તેની પ્રિન્ટ માટેનાં સાધનમાં છાપવાના પોર બ્લોકનો ઉપયોગ કરવામાં આવે છે. સાધારણ રીતે રેખનો-1, ગધવો-1, હાપલાના-2 એમ ચાર પ્રકાર હોય છે.

વિકાસની પરિભાષામાં દેશ વિદેશમાં જેની માંગ વધુ હોય અને ઝડપી રીતે ઉત્પાદન થાય તેવા સાધન સામગ્રીમાં કેમિકલનો વધુ ઉપયીગ કરવામાં આવે છે. જે પર્યાવરણ તેમજ માનવ સમુદાય માટે હાનિકારક છે. જ્યારે અજરખ કાપડના કારખાના કામદારો તે સંપૂર્ણ રીતે કુદરતી રંગો તેમજ યોગ્ય વ્યવસ્થાપનની અનાયાસે પૂરી કાળજી રાખીને કાર્ય કરે છે.

અજરખ કાપડના કારખાનામાં કુદરતી રંગોનો ઉપયોગ દર્શાવતું કોષ્ટક :

| | | |
|---|---|---|
| કુદરતી | 201 | 82.4 |
| રાસાયણિક | 43 | 17.6 |
| કુલ | 244 | 100 |

ઉપરોક્ત કોષ્ટક પરથી કહી શકીએ કે કુદરતી રંગોનો ઉપયોગ વધુ થાય છે જે ટકાઉ વિકાસના સંદર્ભે અનાયાસે પ્રદાન આપે છે.

પ્રવર્તમાનમાં અજરખ પ્રિન્ટના ડ્રેસ મટીરીયલ, ચાદર, સિલ્કની સાડી, ઓઢણા વગેરે દેશ વિદેશમાં માંગ વધી છે. પરદેશમાં કુદરતી રંગોનું આકર્ષણ વધુ હોવાથી ત્યાં તેને વધુ પસંદ કારવામાં આવે છે. પ્રતિદિન બદલાતાં ફેશનના પ્રવાહમાં પણ અજરખ પ્રિન્ટે તેનું સ્થાન જાળવી રાખ્યું છે ફેશન ડીઝાઈનરો તેના ચાહકો છે. તેઓ નીત નવી ડ્રેસની ડીઝાઈન ટ્રેસ કરી ફેશન ટ્રેડ ફેરમાં પ્રદર્શિત કરે છે.

ટકાઉ વિકાસનો જે ખ્યાલ છે તે પ્રદુષણ મુક્ત મને પર્યાવરણ તરફ મૈત્રીપૂર્ણ વ્યવહાર દ્વારા વિકાસ કરે તેમજ આત્મનિર્ભરતા પાયાના માળખાના વિકાસ તેમજ પ્રાકૃતિક અને માનવીય સાધનોના સમુચિત વિકાસ અને ઉપયોગ દ્વારા જે કોઈપણ દેશ ટકાઉ વિકાસ સાધી શકે છે. તે કાર્ય અજરખ કાપડના કામદારો કરી રહ્યાં છે.

➢ તારણો

- અભ્યાસક્ષેત્રમાં પસંદ કરેલ કામદારોમાંથી છાપકામ સાથે સંકળાયેલાં હોય તેવા કામદારોનું પ્રમાણ 4.9 ટકા છે .માસ્ટર બ્લોક પ્રિન્ટર્સનું પ્રમાણ સૌથી વધુ 77.9ટકા છે .કાપડા સૂકવતાં કામદારોનું પ્રમાણ 12.7ટકા, કાપડ ભરતા કામદારોનું પ્રમાણ 4.5ટકા જે સૌથી ઓછું છે . અહીં કામદારના કાર્યને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યું છે .જેથી કામદારના કામના પ્રકાર અને તેની સાથે સંકળાયેલ સમસ્યાનો ખ્યાલ આવે .

- અજરખ કાપડમાં કામ કરતાં કામદારોમાં માસ્ટર બ્લોક પ્રિન્ટર્સનું કામ સૌથી વધુ મહત્વનું ગણવામાં આવે છે. કારણ કે લાકડાંના બ્લોક હાથમાં લઈને હથેળીની મુઠ્ઠી વાળીને તે કાપડ પર પ્રિન્ટ કરવાની હોય છે. સતત તેમાં ઉભા રહેવું પડે છે તેથી પગ, ગોઠણ ને હાથની સમસ્યાઓ જોવા મળે છે. તેવું ઉત્તરદાતા પાસેથી જાણવા મળેલ છે. જેમાં શારીરિક સમસ્યાઓનું પ્રમાણ 75 ટકા જે સૌથી વધુ છે, માનસિક સમસ્યાનું પ્રમાણ સૌથી ઓછું 3.3 ટકા છે. જયારે અન્ય સમસ્યાઓ જેવી કે ઉધરસ, મેલેરિયા, ડેન્ગ્યું, સામાન્ય તાવ જેવી આરોગ્યલક્ષી સમસ્યાનું પ્રમાણ 21.7 ટકા છે. તેવું ઉત્તરદાતા પાસેથી જાણવા મળેલ છે.
- સંશોધન વિષયમાં રંગોના ઉપયોગનું ખૂબ જ મહત્વ છે. તેમાં અભ્યાસક્ષેત્રમાં પસંદ કરેલ કામદારોમાંથી કુદરતી રંગોનો ઉપયોગ થતો હોય તેવા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ 82.4 ટકા છે. જયારે વર્તમાન સમયમાં રાસાયણિક રંગોનો પણ ઉપયોગ થાય છે. તેનું પ્રમાણ 17.6 ટકા જે ઓછું છે. પરંતુ કુદરતી રંગોનું પ્રભુત્વ હજુ જોવા મળે છે.
- અભ્યાસક્ષેત્રમાં પસંદ કરેલ કામદારોમાંથી રાસાયણિક રંગોની ચામડી પર અસર થતી હોય તેવા ઉત્તરદાતાનું પ્રમાણ 17.6 ટકા છે અને સ્વાસ્થ્ય પર પણ અસર થાય છે. જેમાં તાવ આવતો હોય તેવા કામદારનું પ્રમાણ 6.98 ટકા જયારે ચામડીના રોગ દાદર, ફંગસ થતાં હોય તેવા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ 93.03 ટકા છે. જયારે ચામડીની બળતરાં થતો હોય તેવા ઉત્તરદાતાનું પ્રમાણ 51.17 ટકા છે.
- અભ્યાસક્ષેત્રમાં પસંદ કરેલ ઉત્તરદાતાઓમાંથી અજરખ કાપડનાં કામમાં જોડાયાં બાદ તેમના વ્યક્તિત્વનો વિકાસ થયો હોય તેવા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ 76.6 ટકા ને જેમનો વિકાસ નથી થયો તેવા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી ઓછું 23.4 ટકા છે. કામદાર વર્ગમાં વ્યક્તિગત શક્તિના વિકાસમાં તેનું વ્યક્તિત્વ ઘડતર તેમ જ કાર્યનાં સહભાગિતા દર્શાવે છે.

➢ **ઉપસંહાર**

ટકાઉ વિકાસના સંદર્ભમાં અજરખ કાપડના કામદારો અનાયાસે જ એ તરફનો અભિગમ ધરાવે છે તેમાં તેમની સાંસ્કૃતિક પ્રણાલી છુપાયેલ છે પરંતુ તેના કાર્ય કરવાની રીત , ઉપયોગમાં લેવામાં આવતા સાધનો તે ટકાઉ વિકાસનું વલણ ધરાવે છે. જેમાં પર્યાવરણની સાથે કામદારો કુદરતી સંસાધનો તેમજ આરોગ્ય વિષયક બાબતોને ધ્યાનમાં રાખીને પણ કાર્ય કરે છે. ભલે ઉદ્યોગો મોટા પાયે નથી પરંતુ તેની ખ્યાતિ દેશ વિદેશમાં અવશ્ય જોવા મળે છે.

**સંદર્ભ સુચિ**


- **પરીખ,મોહન" ,(1985),ગ્રામવિકાસની ટેકનોલોજી ,"બાલગોવિંદ પ્રકાશન,ગાંધીમાર્ગ , અમદાવાદ .**
- **સિંહ**,શિવલાલ*વિકાસનુ",(*2010),ં ***સમાજશાસ્ત્ર ,"રાવત પબ્લીકેશન.*જયપુર ,**
- દવે, હર્ષિદા, .(2014) **ગુણાત્મક સામાજિક સંશોધન** ,અમદાવાદ :અનડા પ્રકાશન.
- દેસાઈ, અરવિંદરાય નારણજી .(1997) ,**સામાજિક સંશોધન પદ્ધતિઓ ,**અમદાવાદ :યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- ધોળકિયા, હરેશ .(2011) ,**કચ્છ** ,મુંબઈ :પરિચય ટ્રસ્ટ .
- ધોળકિયા, હરેશ .(2018) ,**કચ્છ :ગઈ કાલ અને આજ,** માંડવી :ગોકુંજ ક્રિએશન.